# જિલ્લામાં ૪૭ બાળકોને હૃદય-કિડની અને કેન્સરની ગંભીર બિમારી

**શાળા આરોગ્ય ચકાસણીની ૬૮ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ : ૧૬૭૯ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કરાયા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી હૃદયની બિમારી ધરાવતા ૩૪, કિડનીની બિમારી ધરાવતા ૧૦ તેમજ કેન્સરની બિમારી ધરાવતા ૦૩ બાળકો શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨,૨૧,૩૬૯ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. આ તપાસ દરમ્યાન ૨૮૦૨૩ બાળકોને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવી પડી હતી. આ બાળકોને મેડીકલ ઓફિસર દ્વારા તપાસવામાં આવ્યા હતા.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સંદર્ભ સેવા પાત્ર ૧૬૭૯ બાળકો મળી આવ્યા છે જેમને સઘન સારવાર માટે જિલ્લાકક્ષાએ તજજ્ઞો પાસે મોકલવામાં આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ૫૩૬ બાળકોને બાળરોગની, ૩૦૪ બાળકોને આંખની, ૪૨૧ બાળકોને દાંત રોગની, ૨૩૨ બાળકોને ચામડીના રોગની, ૧૦૨ બાળકોને કાન-નાક-ગળાની તકલીફ તેમજ ૮૪ બાળકોને અન્ય નાની મોટી બિમારી જણાઈ આવી છે.

જિલ્લામાં બાળકોની ચકાસણી ૬૮ ટકા જેટલી પૂર્ણ થઈ છે જેમાં ૧૫૮૩ સંસ્થાઓના બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગત વર્ષે ગંભીર બિમારી ધરાવતા મળી આવેલા બાળકો પૈકી ૬૩ બાળકોને તેમની સારવાર ચાલુ રાખવા માટેનો રિન્યુઅલ પત્ર પણ પાઠવી દેવામાં આવ્યો છે.

આરોગ્યતંત્રના આ અતિ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં આ વખતે હૃદય, કિડની અને કેન્સર ઉપરાંત અન્ય રોગથી પિડાતા બાળકો જે મળ્યા છે તેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાં ગત વર્ષની તુલનામાં બાળકોની સંખ્યામાં વધારો નોંધાયો હોવાનું મનાઈ રહ્યું છે.



પતંગ માટે જોખમ - બાળકોને પતંગ ખૂબ જ ગમે છે. ઉત્તરાયણના દિવસે ભલે પતંગ ચઢાવાતી હોય પરંતુ બાળકો તો ઉત્તરાયણ આવે તેના પંદર દિવસ પહેલા અને પછી પણ પતંગ ઉડાડવાની મજા માણતા રહે છે. તેમાંય પતંગ લૂંટવાનો આનંદ તો અનેરો જ હોય છે. ભલે તેના માટે જોખમ લેવુ પડે...

## ફાસ્ટેગ માટે સરકારની રાહત

ગાંધીનગર,તા.૧૭

સરકારે ૬૫ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગના નિયમોમાં થોડા સમય માટે રાહત આપી છે કેમ કે, અત્યારે ત્યાં હજુ પણ લોકો ટોલ ટેક્સની ચૂકવણી રોકડમાં કરે છે. આ ૬૫ ટોલ પ્લાઝા પર ૨૫ ટકા રસ્તાઓને ૩૦ દિવસ માટે રોકડ ચૂકવણી અને ફાસ્ટેગ લેન બંને લાઈનમાં છૂટ આપવામાં આવી છે. હાઈબ્રિડ અથવા ફાસ્ટેગથી ચૂકવણી અને રોકડ ચૂકવણી કરનારા બંને પ્રકારના વાહનો જઈ શકે છે. બંને વ્યવસ્થામાં બંને પ્રકારના વાહનો જઈ શકે છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા, ટોલ પ્લાઝાઓને આગામી ૩૦ દિવસ સુધીમાં ૨૫ ટકા જેટલી લેનને હાઈબ્રીડ એટલે કે ફાસ્ટ ટેગ લેન અને રોકડ વસુલાત એમ બંને વ્યવસ્થા ધરાવતી લેન બનાવવાની સુચના આપવામાં આવી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે, આ અસ્થાયી વ્યવસ્થા ૩૦ દિવસની છે.

# શહેરમાં ઠંડીનો હજુ ઉગ્ર મિજાજ

**પારો સિંગલ ડીઝીટમાં જનજીવન સુન્ન : લઘુત્તમ તાપમાન ૯.૮ ડીગ્રીએ : આકરી ઠંડીથી જનજીવન પ્રભાવિત : સેકટરોની શેરીઓમાં સુનકાર : હજુ પણ ઠંડીનુ જોર વધવાની સંભાવના**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ઠંડીનો મિજાજ હજુ પણ આકરો છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનો કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયા છે. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. આજે પણ ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહ્યો હતો. લઘુત્તમ તાપમાન ૯.૮ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે સવારથી જ નગરજનોએ આક્રમક કોલ્ડવેવનો અનુભવ કર્યો હતો ઠંડીથી બચવા માટે સાંજ ઢળતા જ શહેરીજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે.

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ આક્રમણ અસહ્ય બન્યુ છે. રોજબરોજ ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે આક્રમક કોલ્ડવેવથી



નગરનુ જનજીવન પ્રભાવિત છે. આકરી ઠંડીના લીધે નગરજનો ઘરમાં બેસી રહેવાનુ જ પસંદ કરે છે. કાતિલ ઠંડીએ સેકટરવાસીઓને બાનમાં લીધા છે. સાંજ ઢળતા જ શહેરમાં સન્નાટો છવાઈ જાય છે. સેકટરોની શેરીઓમાં સુનકાર વ્યાપી જાય છે. લઘુત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં આજે ૦.૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત લઘુત્તમ તાપમાન ૯.૮ ડીગ્રી રહ્યુ હતુ. બે દિવસ પુર્વે શહેરમાં ઠંડીનો કહેર ચરમસીમાએ પહોંચ્યો હતો. લઘુત્તમ તાપમાન ૭.૪ ડીગ્રી સુધી પહોંચી જતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે હજુ પણ ઠંડીનુ મોજુ યથાવત છે. આકરી ઠંડીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. ઠંડીની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા સતત બર્ફીલા પવનના લીધે નગરજનો કાતિલ ઠંડીથી મુર્ઝાઈ ગયા છે. આજે લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં જ રહેતા આકરી ઠંડીની અસર યથાવત રહી હતી. મહત્તમ તાપમાન ૨૪ ડીગ્રી રહ્યુ હતુ. શહેરમાં ઠંડીનો મિજાજ આકરો છે. છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ જોર વધ્યુ છે. જયારે હવામાન નિષ્ણાંતોના મતે હજુ પણ આગામી તા ૨૪ જાન્યુઆરી સુધી કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત વધુ કફોડી બની છે. આકરી ઠંડીમાં શાળાનો સમય બદલવા માટે પણ વાલીઓની પ્રબળ માંગ ઉઠવા પામી છે.જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકોને આકરી ઠંડીએ સુન્ન કરી દીધા છે. ઠંડીનો પારો અસહ્ય સ્થિતિમાં હોવાથી વૃધ્ધો તેમજ બિમાર વ્યકતિઓની હાલત અત્યંત કફોડી બની છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનુ જોર વધવાનુ હોવાથી કોલ્ડવેવથી બચવા માટે નાગરિકોએ વધુ સજ્જ થવુ પડશે.

# નદી કિનારાના વિસ્તારમાં સતત ફરતા દિપડાને કેદ કરવાનુ મુશ્કેલ

ગાંધીનગર તા ૧૭

ગત ઓકટોબર મહીનામાં દિપડો પાંજરે પુરાયો હતો. વનતંત્રની મહામહેનતના અંતે દોલારાણા વાસણા ગામમાંથી દિપડો કેદ કરાતા તંત્ર સહીત ગ્રામજનોએ પણ હાંશકારો અનુભવ્યો હતો. પરંતુ છેલ્લા ચાર પાંચ દિવસથી આ વિસ્તારમાં દિપડો હોવાની વાત ફરી એકવાર પ્રકાશમાં આવતા વનતંત્ર દોડતુ થઈ ગયુ છે. દિપડાને કેદ કરવા માટે વનતંત્રએ પાંજરા પણ મુક્યા છે. પરંતુ દિપડો સતત ફરતો રહેતો હોવાથી વનતંત્ર માટે દિપડાને લોકેટ કરવાનુ અત્યંત મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં દિપડાને પાંજરામાં કેદ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં દિપડાનો આતંક વધતો જાય છે. છેલ્લા દોઢ વર્ષથી દિપડો શહેરમાં પ્રવેશવાની સાથે જિલ્લાની હદમાં સ્થિત નદી કીનારાના ગામોમાં આંટાફેરા મારતો હોવાનુ સ્થાનિક ગ્રામજનોના ધ્યાને આવે છે. જયારે અગાઉ પણ દોલારાણા વાસણા વિસ્તારમાંથી દિપડાને પકડવામાં આવ્યો હતો. માલધારીઓના પશુઓને ફાડી ખાતા દિપડાથી પશુપાલકોમાં પણ ભય પ્રવર્તયો છે. જયારે અગાઉ ધનતેરસના દિવસે અંબોડ ગામમાંથી પણ દિપડાને પકડી લેવાયો હતો. દોલારાણા વાસણા વિસ્તારમાં ફરી દિપડાના પગમાર્ક જોવા મળ્યા છે. જયારે આ અંગે વનતંત્ર પણ સતર્ક બની ગયુ છે. જયારે આ વિસ્તારમાં મારણ સાથે પાંજરા પણ મુકવામા આવ્યા છે. આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરતા નદી કીનારાના ૧૦ થી ૧૫ કી મી ના વિસ્તારમાં દિપડાના પગમાર્ક સહીત અન્ય પુરાવાઓ પણ મળ્યા છે. જેના લીધે દિપડો સતત ફરતો રહેતો હોવાની વાત પણ સામે આવી છે. જેના લીધે દિપડાને લોકેટ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. હાલ દિપડાને કેદ કરવા માટે જંગલ વિસ્તારમાં જાડીઓ વચ્ચે ઢાંકીને પાંજરા મુકાયા છે.

# સ્કીલ ડેવલપમેન્ટ માટે જિલ્લાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાશે

**આઈઆઈએમ બેંગ્લોર સાથે મળી ભારત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પ્રોજેક્ટ માટે ગાંધીનગર સહિત રાજ્યના ૧૫ જિલ્લાની પસંદગી**

ગાંધીનગર, તા. ૧૭

સ્કીલ ડેવલપમેન્ટ માટેની અલાયદી નીતિ ભારત સરકાર બનાવશે અને કયા કયા પ્રકારની સ્કીલ ડેવલપમેન્ટ પર ભાર મુકવો જોઈએ તે માટે આઈઆઈએમ બેંગ્લોરના સહયોગસાથે મહાત્મા ગાંધી નેશનલ ફેલોશીપ પ્રોગ્રામ અમલમાં મુકાશે.

ભારત સરકાર દ્વારા આ માટે દેશના ૭૫ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ગાંધીનગર સહિત ૧૫ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

માર્ચ-૨૦૨૦થી મહાત્મા ગાંધી નેશનલ ફેલોશીપ પ્રોગ્રામની પ્રથમ બેચ શરૂ થશે. ગાંધીનગર જિલ્લામાં આ પ્રોગ્રામ અંતર્ગત એક ફેલોને ફાળવવામાં આવશે. જે બે વર્ષ જિલ્લામાં રોકાઈ અને કયા પ્રકારની સ્કિલ ડેવલપમેન્ટ થઈ શકે એમ છે તેના વિવિધ પાસાંઓ અંગે અભ્યાસ કરશે. નવા વિચારો અને નવા સૂચનો સાથે સ્થાનિક આયોજન, અમલીકરણ તેમજ લોકોની વચ્ચે રહી વિવિધ વાતોનુ આદાન-પ્રદાન સાથે તેના પરિણામોની વ્યવસ્થા જોશે.

આ વ્યવસ્થા સંદર્ભે તે એક આખો વિસ્તૃત અહેવાલ તૈયાર કરશે અને સ્કિલ ડેવલપમેન્ટ મિશનને મદદરૂપ થશે.

જિલ્લામાં આ માટે કલેક્ટરના અધ્યક્ષપદે એક સ્કીલ ડેવલપમેન્ટ ડીસ્ટ્રીક્ટ કમિટીની પણ રચના કરવામાં આવી છે અને તેની એક બેઠક યોજાઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આ મુદ્દે આજે ભારત સરકારે પસંદ થયેલા છ રાજ્યના ૭૫ જિલ્લા કલેક્ટરો સાથે એક વિડીયો કોન્ફરન્સ કરી અને આખા કાર્યક્રમની વિસ્તૃત જાણકારીઓ આપી રોડમેપ તૈયાર કરવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરાનાર ઈ-હેલ્થ પ્રોજેક્ટને અભેરાઈએ ચડાવી દેવાયો

ગાંધીનગર, તા. ૧૭

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત ઈ-હેલ્થનો પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવી દેવામાં તંત્રને સફળતા મળી હોવાનો ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

ગાંધીનગર શહેરની સ્માર્ટસીટી પ્રોજેક્ટ માટે પસંદગી થઈ ત્યારથી આ પ્રોજેક્ટ માટેની સતત વાતો તંત્ર દ્વારા કરાતી હતી પરંતુ કોઈ અગમ્ય કારણોસર આખોય પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યો છે. માત્ર રૂ. ૧૦ કરોડના ખર્ચે જ આ પ્રોજેક્ટ હાથ ધરવાનો હતો તેની ટેન્ડર પ્રક્રિયા પણ કરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટમાં શહેરના ચાર અર્બન હેલ્થ સેન્ટરમાં આવતા દર્દીનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી તેના નિદાન, લેબ ટેસ્ટના રિપોર્ટ અને સારવાર સહિતની માહિતી અપડેટ કરવાની વાત હતી. આ ઉપરાંત શહેરના તમામ નાગરિકોનુ બ્લડ ગૃપ ઉપરાંત કયા પ્રકારની બિમારીથી પિડાય છે તેનો ડેટાબેઝ ઉભો કરવાનું પણ આયોજન કરાયુ હતુ. આ પ્રોજેક્ટ અંતર્ગત સૌથી મોટી સુવિધા ટેલિ મેડીસીનની છે. હાલ ચાર અર્બન હેલ્થ સેન્ટરમાં મેડીકલ ઓફિસર છે પરંતુ સ્પેશ્યાલીસ્ટ તબીબો નથી. જેના કારણે અનેક દર્દીઓને રિફર કરવા પડે છે. જેમાં દર્દીની પરેશાની વધે છે.

આ સુવિધા થકી અર્બન હેલ્થ સેન્ટરમાં જ ઝડપથી સારવાર ઉપલબ્ધ થઈ શકે તેવો હેતુ હતો. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પછી અગમ્ય કારણોસર આખો પ્રોજેક્ટ અભેરાઈએ ચડાવી દેવાયો છે.

એક તરફ આરોગ્યની સેવાઓના સઘનીકરણની વાતો સરકાર દ્વારા સરેઆમ જાહેરમાં કરવામાં આવી રહી છે ત્યારે ભાજપ શાસિત મનપામાં જ સ્માર્ટસીટી અંતર્ગત આ પ્રોજેક્ટના અમલીકરણમાં અનેકવિધ વિઘ્નો સાથે તેને અભેરાઈએ ચડાવી દેવાયો છે.

# સે-૧૫માં આઈટીઆઈનુ પાંચ માળનુ અદ્યતન બિલ્ડીંગ બાંધવામાં આવશે

**હયાત બિલ્ડીંગ જોખમી હોવાથી તોડી પાડવામાં આવશે : નવા બિલ્ડીંગને અનુલક્ષી લેન્ડ સ્કેપીંગ , પાર્કીંગ તેમજ આંતરિક માર્ગોનુ પણ કામ હાથ ધરાશે : અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરાશે**




ગાંધીનગર તા ૧૭

સે-૧૫ સ્થિત આઈ ટી આઈ બિલ્ડીંગને નવુ બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. નવા આઈ ટી આઈ બિલ્ડીંગને અદ્યતન બનાવવા માટે હાલ નકશા અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે પાંચ માળના નવા બિલ્ડીંગને બાંધવા માટે અંદાજિત રૂ ૩૫ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે. આઈ ટી આઈનુ હયાત બિલ્ડીંગમાં પોપડા ખરતા હોવાની સાથે કેટલીક દિવાલો પણ નમેલી હાલતમાં હોવાથી બિલ્ડીંગ જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે ટુંકમાં જ આ ઈ ટી આઈની કામગીરી જી આઈ ડી સી વિસ્તારમાં ખસેડવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરના સે-૧૫માં સ્થિત આઈ ટી આઈ બિલ્ડીંગમાં શહેર તેમજ બહારગામના સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અનેક પ્રકારના કોર્ષ મેળવી પોતાના પગ પર ઉભા રહે છે. હાલમાં પણ આ આઈ ટી આઈ સંકુલમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પરંતુ ચાર દાયકા જુના આઈ ટી આઈ બિલ્ડીંગની હાલત સમય જતા જોખમી બની છે. આઈ ટી આઈ બિલ્ડીંગમાં પોપડા ખરતા હોવાની સાથે બિલ્ડીંગની દિવાલો પણ જોખમી બની છે. કેટલીક દિવાલો નમી પડેલી હાલતમાં છે. જેને અનુલક્ષીને આઈ

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા ફોઈ **સુથાર ઉર્મિલાબેન બાલકૃષ્ણ** તા. ૧૭/૧/૨૦૨૦ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન પામેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું સ્થાનિક બેસણું ગાંધીનગર ખાતે તા. ૧૯/૧/૨૦૨૦ને રવિવારે સવારે ૯ થી ૧૧ કલાકે** તેમના નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૫૨૨/૧ સરકારી દવાખાના પાસે, સેક્ટર-૨/સી, ગાંધીનગર**

લી.
**નવદીપ બાલમુકુન્દ સુથાર**
**મો. ૭૫૬૭૬૧૨૫૦૮**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com